# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-09-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM – મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે લોકોને આગામી તહેવારોની મોસમ સ્વદેશી ઉત્પાદનો સાથે ઉજવવા અને વોકલ ફોર લોકલને તેમનો જીવન મંત્ર બનાવવા વિનંતી કરી. આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમમાં વિચારો શેર કરતા, શ્રી મોદીએ કહ્યું કે આગામી દિવસોમાં એક પછી એક તહેવારો આવી રહ્યા છે અને જીએસટી બચત ઉત્સવ પણ ચાલી રહ્યો છે. તેમણે લોકોને દેશમાં ઉત્પાદિત ઉત્પાદનો ખરીદવાનો સંકલ્પ કરવા હાકલ કરી.

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી –લોકલ ફોર વોકલ)

શ્રી મોદીએ એ પણ ભાર મૂક્યો કે તહેવારોની મોસમ દરમિયાન સ્વચ્છતા ફક્ત ઘરો સુધી મર્યાદિત ન હોવી જોઈએ, પરંતુ શેરીઓ, પડોશ, બજારો અને ગામડાઓ સુધી વિસ્તરવી જોઈએ.

તેમણે કહ્યું કે ગાંધી જયંતિ બીજી ઓક્ટોબર ગાંધી જયંતિ નિમિત્તે ઉજવવામાં આવશે. પ્રધાનમંત્રી મોદીએ દરેકને બીજી ઓક્ટોબરના રોજ ખાદી ઉત્પાદન ખરીદવા અને તેને સોશિયલ મીડિયા પર હેશટેગ - વોકલ ફોર લોકલ સાથે શેર કરવા વિનંતી કરી.

અગત્યની જાહેરાત મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટિન આકાશવાણી ભુજ કેન્દ્ર પરથી આજે સાંજે 7 વાગીને પાંચ મિનિટે પ્રસારિત કરાશે.

અગત્યની જાહેરાત પૂરી થઇ

--------------------------------------------------------------------------------

## <u>સંરક્ષણમંત્રી : કચ્છ : મુલાકાત</u>

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ આગામી 2 ઓક્ટોબરે કચ્છની મુલાકાતે આવશે તેમ જાણવા મળી રહ્યું છે. તેઓ સરહદી ક્રીક વિસ્તારમાં ભારતીય સૈન્યના એક કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેશે. સંરક્ષણ મુલાકાતને લઈને તૈયારીઓ સંબંધિત ગતિવિધિઓ તેજ બની છે.

પાંચ મહિનામાં શ્રી સિંઘની આ બીજી મુલાકાત છે.ઓપરેશન સિંદૂર બાદ ગત 16 મે ના ભુજ એરફોર્સ સ્ટેશન ખાતે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વિશેષ મુલાકાત લીધી હતી અને સંબોધન કર્યું હતું. ત્યારબાદ તેમણે સ્મૃતિવન મ્યૂઝિયમ એન્ડ મેમોરિયલની મુલાકાત લઈને ભૂકંપના દિવંતગોને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

---------------------------------------------------------------------------------------

## <u>નગર સેવા સદન :ભુજ લોકાર્પણ</u>

જીલ્લાના મુખ્ય મથક ભુજના શહેરીજનોને સુવિધાજનક નગર સેવા સદનની અટલ ભવનનું સાંસદ વિનોદ ચાવડાના હસ્તે લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે શ્રી ચાવડાએ નગરજનોને નવરાત્રિ અને દશેરાના પર્વની સાથે અટલ ભવનના ઉદઘાટનની શુભકામનાઓ પાઠવી હતી.

ભુજના નગર અધ્યક્ષા રશ્મિબેન સોલંકીએ ઉપસ્થિત મહાનુભાવોને શાબ્દિક આવકાર આપ્યો હતો અને ભુજવાસીઓને અટલ ભવનના લોકાર્પણ પ્રસંગે શુભેચ્છાઓ પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે, આ ભવનમાં મુલાકાતીઓની સુવિધામાં વધારો થશે. આધુનિક ફાયર સિસ્ટમ, સીસીટીવી કેમેરા સહિતની સુવિધા સાથે ૨૫ રૂમો, દિવ્યાંગજનો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

લોકાર્પણ સમારોહમાં ભુજ નગરપાલિકાના પૂર્વ પ્રમુખોનું બહુમાન કરાયું હતું. આ કાર્યક્રમમાં વિવિધ પદાધિકારીઓ, અધિકારીઓ, રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------

## નવરાત્રિ : દુર્ગા મહોત્સવ

આદ્ય શક્તિની આરાધનાના આજે છઠ્ઠા નોરતાંથી દુર્ગા પૂજા મહોત્સવ શરૂ થાય છે. પાંચ દિવસના દુર્ગા પૂજા મહોત્સવનું વિજયા દસમીના દિને સમાપન થાય છે. ગાંધીધામ, આદિપુરમાં બંગાળી સમાજ દેવી દુર્ગાની મૂર્તિનું સ્થાપન કરે છે અને દશેરાના દિને તળાવમાં મૂર્તિ વિસર્જન કરે છે. દરરોજ ધાર્મિક સામાજિક કાર્યક્રમોથી વાતાવરણ ગાજતું રહે છે. ભુજમાં બંગાળી સમાજ પણ આ પર્વની પરંપરાગત ઉજવણી કરે છે.

---------------------------------------------------------------------------------------

## એશિયા કપ

એશિયા કપના આજે અંતિમ જંગમાં ભારત અને પાકિસ્તાનની ટીમો વચ્ચે મુકાબલો થશે. એશિયા કપના ઈતિહાસમાં 41 વર્ષમાં બન્ને દેશો વચ્ચે પ્રથમવાર અંતિમ જંગ ખેલાશે. દુબઇ ખાતેની મેચનો આરંભ ભારતીય સમય મુજબ રાત્રે આઠ વાગ્યે થશે.

---------------------------------------------------------------------------------------

## હવામાન

હવામાન વિભાગે આવતીકાલ સોમવારથી બુધવાર ૧ ઓક્ટોબર સુધી કચ્છમાં વરસાદનું યેલો એલર્ટ આપ્યું છે. જીલ્લામાં હાલ ભારે બફારાનો લોકો અહેસાસ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, સારા ચોમાસાના પગલે હાલ પાક લણણીની અણીએ છે તેવામાં જિલ્લાના અમુક વિસ્તારોમાં વરસાદની આગાહીને પગલે ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

---------------------------------------------------------------------------------------

## ઓપરેશ સિંદૂર ગરબા

સૈન્યના શૌર્ય અને પરાક્રમના સન્માનમાં રાજ્યભરમાં આજે રાત્રે 11 વાગ્યે એક સાથે 'ઓપરેશન સિંદૂર' પર ગરબા ઘૂમીને ગુજરાત ઈતિહાસ સર્જશે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ

**નવરાત્રિ પર્વ નિમિત્તે તમામ ખેલૈયાઓ, ગરબા આયોજકો અને સંચાલકોને શક્તિની આરાધનાના પર્વને સેનાને સલામ કરવાનો અવસર બનાવવાની અપીલ કરી છે.**

**---------------------------------------------------------------------------------------**